# CRITERION: 7

# METRIC NO.:7.1.9

# Sensitization of students and employees of the Institution to the constitutional obligations: values, rights, duties and responsibilities of citizens

# 1st JULY 2022 to 30TH JUNE 2023

**Anand Pharmacy College, Anand**

# આણંદ ફાર્મસી કોલેજમાં જન્માષ્ટમીની ઉજવણી



રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજમાં જન્માષ્ટમીની ઉજવણી કરાઇ. સંસ્થાના આચાર્ય ડૉ. તેજલ ગાંધીના માર્ગદર્શન હેઠળ ઉજવણીના ભાગરૂપે આરતી, થાળ, પ્રસાદ તથા રાસ ગરબાનું સફળ આયોજન કરાયું હતું.

Naya Padkar - 24/08/2022

# આણંદ ફાર્મસી કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા છત્તીસગઢની મુલાકાત



આણંદ, તા. ૩૧

એક ભારત શ્રેષ્ઠ ભારતની યોજના હેઠળ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ ફાર્મસી કોલેજ, આણંદ, ગુજરાત એન.એસ.એસ. યુનિટ અને રુંગટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરીંગ, રાયપુર, દુર્ગ, છત્તીસગઢ સાથે મળીને ૧૩ ઓગસ્ટ ૨૦૨૨ થી ૧૯ ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન છત્તીસગઢ મુલાકાતનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમને (ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન) એઆઈસીટીઈ દ્વારા સમર્થન પૂરું પાડવામાં આવ્યું હતું.

જેમાં આણંદ જિલ્લાની ફાર્મસી, આર્ટ્સ, એમ.સી.એ. સાયન્સ વિદ્યાશાખાના ૨૫ વિદ્યાર્થીઓ અને સમગ્ર શિક્ષા બોર્ડ, ગાંધીનગરના ૨૫ વિદ્યાર્થીઓ મળીને ગુજરાત રાજ્યના કુલ ૫૦ વિદ્યાર્થીઓને છત્તીસગઢ રાજ્યની મુલાકાત કરવાની અને ત્યાંની સંસ્કૃતિને જાણવાની અને માણવાની સુવર્ણ તક મળી હતી.

Sardar Gurjari - 01-09-2022

## IPA Anand Local Branch

### Guest Lecture on 'Bringing Hepatitis care closer to you'




Indian Pharmaceutical Association (IPA) Anand Local Branch in association with IPA Community Pharmacy Division and Anand Pharmacy College. Anand organized a guest lecture on 'Bringing Hepatitis care closer to you' on 28th July, 2022 on the occasion of World Hepatitis Day. Dr. Neha Das, MBBS, MD (Community Medicine), Assistant Professor, Incharge, CPHC-ILC (Dahod), Pramukhswami Medical College, Karamsad, delivered the talk and provided in-depth information on epidemiology, pathophysiology and types of Hepatitis. She also emphasized signs and symptoms, diagnosis and primary, secondary, and tertiary treatment of different types of Hepatitis along with case scenarios. A total of 67 participants attended the session which was completed under the guidance and support of Dr. Tejal R. Gandhi, Principal of Anand Pharmacy College and Dr. Kalpana Patel, President, IPA Anand Local Branch. The event was coordinated by Dr. Vaibhav Patel, Hon. Member secretary, IPA Anand Local Branch, Associate Professor, Anand Pharmacy College, Anand.

Activa
Go to P

# SSIP દ્વારા રૂ બે કરોડ સુધીની મેચિંગ ગ્રાન્ટ એનાયત



આણંદ, તા.૨૮

ગુજરાત રાજ્ય ના મુખ્યમંત્રી શ્રી. ભુપેન્દ્ર પટેલ અને ગુજરાત રાજ્ય ના શિક્ષણ મંત્રી શ્રી. જીતુભાઈ વાઘાણી ના વરદ હસ્તે સંસ્થા ના આચાર્યા ડૉ. તેજલ આર ગાંધીને Student Start-up, Research Innovation festival to empower youth for Aatmanirbhar Bharat ના ઉદ્દઘાટન સમારોહ માં પ્રથમ ચરણ નો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. આણંદ ફાર્મસી કોલેજને મળ્યો.

**નયા પડકાર**

29-09-2022

દિવ્ય ભાસ્કર

12/10/22

divyabhaskar.com

# આણંદ ફાર્મસી કોલેજમાં GTUની ટેકફેસ્ટ: 700 વિદ્યાર્થીઓ જોડાયા

## સમગ્ર ગુજરાતમાંથી ફાર્મસીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો



ભાસ્કર ન્યૂઝ | આણંદ

આણંદની ફાર્મસી કોલેજમાં ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીનો સેન્ટ્રલ ટેકફેસ્ટ યોજાયો હતો. બે દિવસના આ ટેકફેસ્ટ 2022માં સમગ્ર ગુજરાતભરમાંથી વિદ્યાર્થિઓએ ભાગ લીધો હતો જેમાં વિવિધ પ્રતિયોગિતાનું અયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિ.ના ટેક-ફેસ્ટની ભવ્ય શરૂઆત રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજમાં તા.11 અને 12 ઓક્ટોબરના રોજ સેન્ટ્રલ ટેક-ફેસ્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ફેકલ્ટી ઓફ ફાર્મસીના 700 વિધાર્થીઓએ ભાગ લીધો છે. 11મી ઓક્ટોબરે સમારોહનું ઉદઘાટન કરાયું હતું. કાર્યક્રમમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિ. (જીટીયુ)ના કુલપતિ ડૉ. નવીન શેઠે સમગ્ર ગુજરાતમાંથી ટેક-ફેસ્ટમાં ભાગ લેનાર ફાર્મસીના વિધાર્થી ઓનો ઉત્સાહ વધાર્યો હતો. ઝાયડસ રીસર્ચ સેન્ટર અમદાવાદના પ્રેસિડન્ટ ડૉ. મુકુલ જૈને ફાર્મસીના ઔધોગિક વિકાસ અંગેની સમજણ અને ઉજ્જવળ કારકિર્દી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બે દિવસીય કાયકર્મના અંતે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિ., અમદાવાદ ખાતે વિજેતા પ્રતિયોગીઓને 25 હજાર સુધીના પુરસ્કાર આપવામાં આવશે.

Samsung Quad Camera
Shot with my Galaxy A21s




Sardar Gurjari- 21-12-2022

# આણંદ ફાર્મસી કોલેજ એન.એસ.એસ દ્વારા રાસનોલ ખાતે કેમ્પ યોજાયા



આણંદ, તા.૭

રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત, આણંદ ફાર્મસી કોલેજ દ્વારા એન.એસ.એસ. યુનિટના સ્વયં સેવકોનો ગામ રમસનોલ , તા.આણંદ ખાતે સ્પેશિયલ કેમ્પ યોજવામાં આવેલ હતો. રાસનોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બે જાતના સંકલ્પ, પ્રભાત ફેરી, સ્વચ્છતા, વૃક્ષારોપણ, નુક્કડ નાટક ([illegible]), હેલ્થ સર્વે, હેલ્થ ચેકઅપ, મતદાન અંગે જાગૃતતા, સોલર એનર્જી ફેક્ટરી વિઝિટ, શ્રમદાન, અવેરનેસ રેલી,રન ફોર યુનિટી, ગૌ આધારિત ખેતી વિશે જ્ઞાન, યોગ,ડિજિટલ ઈન્ડિયા અવેરનેસ સાથે પ્રાચીન રમતો જેવીકે સતોડિયુ, રસ્સી ખેંચ રમાડવામા આવી હતી. આ ઉપરાંત સંદીપ પટેલ , રાજેશ પટેલ તેમજ હિતેશ રાવલ દ્વારા વિષયને અનુલક્ષીને પ્રેરણાદાયક વક્તવ્યની રજુઆત કરવામાં આવી હતી. સરપંચ શંકરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

[illegible] આણંદ ફાર્મસી કોલેજના આચાર્યા ડો. તેજલબેન ગાંધીના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર સુભાષચંદ્ર સર દ્વારા કરવામાં આવ્યું હતું.

Naya Padkar - 08-12-2022

# આણંદ ફાર્મસી કોલેજનો ૨૫મા વર્ષમાં પ્રવેશ





આણંદ, તા.૨૬

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલીત આણંદ ફાર્મસી કોલેજ વિકાસયાત્રાના પચીસમાં વર્ષમાં શુભ મંગલ પ્રવેશ કરે છે.

એ પ્રસગે મંડળના પદાધીકારીઓ તથા સંસ્થા [illegible] Naya Padkar - 27-12-2022 [illegible] આણંદ ફાર્મસી કોલેજમાં ૧૫ વર્ષના લોગોનું અનાવરણ તથા બુકલેટનું વિમોચન શ્રી રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ હેમંતભાઈ પટેલ માનમંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ ઉપપ્રમુખ કૌશીકભાઈ દોશી ડો. આરી. પી. પટેલ સંસ્થાના આચાર્યા ડો. તેજલબેન ગાંધી ઉપાચાર્ય ડો.કલ્પના પટેલના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે સંસ્થાની પચીસ વર્ષની સિધ્ધી ઉપલબ્ધીની [illegible] કરવામાં આવી.

ઉપરાંત વેલનેસ કલમ આણંદ ફાર્મસી કોલેજ દ્વારા આયોજીત કૌશલ્ય ઈવેન્ટ અંતર્ગત રજુ થયેલ વિવિધ સ્પર્ધાઓમાં આણંદ વિદ્યાનગરની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સંસ્થાના ૨૫મા વર્ષ દરમીયાન રાજ્ય રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ કાર્યક્રમો સ્પર્ધાઓમાં મેળવેલ સિધ્ધીઓ માટે આચાર્યા ડો. તેજલબેન ગાંધી તથા માનદ મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ સંસ્થા પરીવારને અભીનંદન શુભેચ્છા પાઠવતાં આનંદ ગૌરવની લાગણી સાથે આભાર વ્યકત કર્યો.

# રાસનોલમાં આણંદ ફાર્મસી કોલેજ દ્વારા એન.એસ.એસ. કેમ્પ યોજાયો



**આણંદ, તા. ૭**

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત, આણંદ ફાર્મસી કોલેજ દ્વારા એન.એસ.એસ. યુનિટના સ્વયં સેવકોનો આણંદ તાલુકાના રાસનોલ ગામ ખાતે સ્પેશિયલ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

આ કેમ્પમાં બે જાતના સંકલ્પ પ્રભાત ફેરી, સ્વચ્છતા, વૃક્ષારોપણ, નુક્કડ નાટક (વ્યસન મુક્તિ), હેલ્થ સર્વે, હેલ્થ ચેકઅપ, મતદાન અંગે જાગૃતતા, સોલર એનર્જી ફેક્ટરી વિઝીટ, શ્રમદાન, અવેરનેસ રેલી, રન ફોર યુનિટી, ગૌ આધારિત ખેતી વિશે જ્ઞાન, યોગ, ડિજિટલ ઇન્ડિયા અવેરનેસ સાથે પ્રાચીન રમતો જેવી કે સતોડિયુ, રસ્સી ખેંચ રમાડવામાં આવી હતી. આ ઉપરાંત સંદીપ પટેલ, રાજેશ પટેલ તેમજ હિતેશ રાવલ દ્વારા વિષયને અનુલક્ષીને પ્રેરણાદાયક વક્તવ્યની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ૪૫૦ જેટલા ગ્રામજનો અને ૭૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૮ જેટલા શિક્ષકોએ તેમનો અમૂલ્ય સાથ અને સહકાર આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ગામના સરપંચ શંકરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

સમગ્ર કાર્યક્રમનું આયોજન આણંદ ફાર્મસી કોલેજના આચાર્યા ડૉ. તેજલબેન ગાંધીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન કોલેજના એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર સુભાષચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

Sardar Gurjari - 08-12-2022

# આણંદ ફાર્મસી કોલેજમાં રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન



આણંદ, તા. ૫

રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજ એસએસઆઈપીના સહયોગથી રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. તેજલ આર. ગાંધી, પ્રિન્સિપાલ આણંદ ફાર્મસી કોલેજ સૌ કોઈને આવકારીત કરી, સેમિનારનું મહત્વ સમજાવ્યું હતું. ચંદ્રિકા ચોડવડીયા, આસિસ્ટન્ટ કમિશનર ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન, આણંદએ HVAC System significance of devices & Mechanism વિશે ડૉ. ખુશ્બુ મિસ્ત્રી, સિનિયર ડ્રગ ઈન્સ્પેક્ટર ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન, આણંદએ Water for Pharmaceutical Use વિશે અશોક મોદી, ફાઉન્ડર મોદી જીએમપી અમદાવાદે Key Utility Water - EVM And Sterility Assurance વિશે અને ધવલ એમ. પટેલ, ક્વાલિટી હેડ, બેરોક ફાર્માસ્યુટીકલ પ્રાઈવેટ લિમિટેડ, ખંભાતે Pharmaceutical Utilities-current Regulation. Qualification & Validation વિશે માહિતી પૂરી પાડી હતી.

આ સેમિનારનું સંચાલન આણંદ ફાર્મસી કોલેજના પ્રોફેસર ડૉ. કલ્પના પટેલે કર્યું હતું.

સેમિનારમાં શૈક્ષણિક સંસ્થાઓના પ્રાધ્યાપકો, અનુસ્નાતક શાખાના વિદ્યાર્થીઓ તથા રીસર્ચ કરતાં તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

Sardar Gurjari - 06-05-2023

# આણંદ ફાર્મસી કોલેજ



આણંદ ફાર્મસી કોલેજમાં હાર્ટફૂલનેશ સંસ્થાના સહયોગથી વિશ્વ યોગ દિનની કરાયેલ ઉજવણી ટ્રેઈનર જૈના પાઠક તથા રશ્મિન જોષીએ યોગ જીવનમાં મહત્વ સમજાવી દરરોજ યોગક્રિયા કરવાથી ઘણા બધા રોગોને હરાવી શકાય છે તે વિષય પર પ્રકાશ પાડ્યો હતો.

Sardar Gurjari - 24-06-2023

# આણંદ ફાર્મસી કોલેજ



શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજ એસ.એસ.આઈ.પી. દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિતે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આણંદ હાઈસ્કૂલ, આણંદ ઉચ્ચતર પ્રાથમિક વિભાગના ૩૫ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હો. વિદ્યાર્થીઓએ ગણિત વિજ્ઞાનના વર્કિંગ મોડલના વિવિધ પ્રોજેક્ટો તૈયાર કર્યા હતાં. આ વિવિધ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંત સમજીને વિદ્યાર્થીઓને સમજાવ્યા હતાં. આણંદ ફાર્મસી કોલેજના આસી. પ્રો.ડૉ. વિમલ પટેલ તથા આસી. પ્રો. મિતલબેન પટેલે ત્રણ નંબર જાહેર કરી નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી તથા કોલેજના આચાર્યા ડૉ. તેજલબેન ગાંધીએ વિદ્યાર્થીઓને ઈનામ આપી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શાળાના ઈન્ચાર્જ આચાર્ય યોગેશકુમાર આર.પટેલ તથા વયવસ્થાપક રાજેન્દ્રસિંહ એન.સોઢા પરમારે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. SRKSM નાં એકેડેમિક કો. ઓર્ડિનેટર ડૉ. વર્મિલાબેન ટી. ભમ્મરી મેડમે વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પાયલબેન જૈમીનભાઈ, નંદાબેન તથા રૂચીબેને કર્યું હતું.

Sardar Gurjari

02-03-2023




ઈન્ડીયન ફાર્માસ્યુટિકલ એસોસિયેશન દ્વારા IPA આણંદ લોકલ બ્રાંચને ફાર્મસીમાં અદ્ભુત અને અવિસ્મરણીય કામગીરી કરવા બદલ વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૨ માટે Excellence Local Branch એવાર્ડ ડો. ટી.વી.નારાયણ (પ્રમુખ, IPA) દ્વારા ડો. તેજલ આર.ગાંધી,આચાર્યા,આણંદ ફાર્મસી કોલેજને તાઃ ૨૧/૦૧/૨૦૨૩ ના રોજ નાગપુર ખાતેનાં કાર્યક્રમમાં એનાયત કરવામાં આવ્યો હતો અને IPA-આણંદ લોકલ બ્રાંચ પ્રગતીના વધુ શિખર સર કરે તેવી સુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે શ્રી રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ હેમંતભાઈ પટેલ માનદ મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન કે. પટેલ તેમજ સમસ્ત શ્રી રામકૃષ્ણ સેવા મંડળ પરિવાર ડો. તેજલ આર.ગાંધીને તેમના ઉત્કૃષ્ઠ નેતૃત્વ તેમજ માર્ગદર્શન અને સમગ્ર આણંદ ફાર્મસી કોલેજ ને અભિનંદન પાઠવતા આનંદ અને ગર્વ ની લાગણી અનુભવે છે.

Naya Padkar - 31-01-2022

# જી.એસ.પી.સી. દ્વારા રજિસ્ટ્રેશન અને રિન્યુઅલ ગાઈડન્સ કેમ્પનું આયોજન




આણંદ, તા. ૩૦

ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ (જીએસપીસી) દ્વારા આણંદ ફાર્મસી કોલેજ ખાતે રજિસ્ટ્રેશન, રિન્યુઅલ અને ગાઈડન્સ કેમ્પનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

જેમાં જી.એસ.પી.સી. ના કર્મચારીઓ દ્વારા ફાર્માસિસ્ટોને નવું રજિસ્ટ્રેશન, રિન્યુઅલ, રી-એન્ટ્રી, ડિગ્રી એડિશન, ગુડસ્ટેન્ડીગ સર્ટીફિકેટ તથા નામ અને એડ્રેસ ઓનલાઈન રજિસ્ટર કેવી રીતે કરી શકાય તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

# GSPC દ્વારા આનંદ ફાર્મસી કોલેજ ખાતે રજીસ્ટ્રેશન અને રિન્યુઅલ ગાઈડન્સ કેમ્પનું આયોજન



તા. ૨૯/૦૧/૨૦૨૩, રવિવાર ના રોજ ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સીલ (GSPC) દ્વારા આણંદ ફાર્મસી કોલેજ ખાતે રજીસ્ટ્રેશન રિન્યુઅલઅને ગાઈડન્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં [illegible] ના કાર્મચારીઓ દ્વારા ફાર્માસિસ્ટો ને નવું રજીસ્ટ્રેશન, રિન્યુઅલ, રી-એન્ટ્રી, ડીગ્રી એડીશન, ગુડ સ્ટેન્ડીંગ સર્ટીફીકેટ, તથા નામ અને એડ્રેસ ઓનલાઈન રજીસ્ટરકેવી રીતે કરી શકાય તેની સંપૂણ માહિતી આપવામાં આવેલ હતી.

Naya Padkar - 31-01-2023

# GTU દ્વારા આણંદ ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓ ગોલ્ડમેડલથી નવાજિત



આણંદ, તા. ૫

શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓ GTU ૧૨મો ડીગ્રી એનાયત સમારોહમાં તા : ૨ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ ગોલ્ડમેડલ થી નવાજવામાં આવ્યા હતા. જેમાં ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટીમાં એમ.ફાર્મની વિદ્યાર્થીની હીતેશી ચઢ્ઢા ફાર્માસ્યુટીકલ કવોલીટી અસ્યોરન્સ શાખામાં અગ્રસ્થાને આવવા બદલ એક ગોલ્ડમેડલ અને વિદ્યાર્થીની રાધિકા શાહ ફાર્માસ્યુટીકલ રેગ્યુલેટ્રી અફેર્સ માં અગ્રસ્થાને આવવા બદલ ગોલ્ડમેડલ પ્રાપ્ત થયા છે. આપને વિદિત થાય કે અમારી સંસ્થા NAAC A+ ગ્રેડ ધરાવતી ગુજરાતની પ્રખ્યાત સંસ્થાઓમાંની એક છે. આચાર્ય અને સ્ટાફ ના માર્ગદર્શન તથા વિદ્યાર્થીઓની મહેનતના કારણે બે ગોલ્ડમેડલ મેળવતા આનંદ ફાર્મસી કોલેજ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ મંત્રી જ્યોત્સનાબેન. કે. પટેલ, પ્રમુખ હેમંતભાઈ જે પટેલ, સંસ્થાના ટ્રસ્ટીગણ, આચાર્ય ડૉ. તેજલ આર ગાંધી અને તમામ સ્ટાફ મિત્રો દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# M.Pharm.ની પરીક્ષામાં આણંદ ફાર્મસી કોલેજનું શ્રેષ્ઠ પરિણામ

આણંદ, તા. ૨

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજના M.Pharm.ના વિદ્યાર્થીઓએ આ વર્ષે GTU દ્વારા લેવાયેલી વર્ષ ૨૦૨૨-૨૩ની પરીક્ષામાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. પ્રાચી રબારી (Pharmaceutical Technology), મોનિકા વર્મા (Regulatory Affairs) અને ભક્તિ દવે (Pharmacology) ગોલ્ડ મેડલને પાત્ર થયેલ છે અને ૧૭ જેટલા વિદ્યાર્થીઓએ ૧૦માંથી ૧૦ SPI મેળવ્યા છે. GTU દ્વારા આજ સુધીમાં ૨૨ જેટલા ગોલ્ડ મેડલ આણંદ ફાર્મસી કોલેજને M.Pharm. માટે ફાળવેલ છે. આ અભૂતપૂર્વ સફળતા બદલ સંસ્થાના માનદમંત્રી જ્યોત્સનાબેન પટેલ તથા ફાર્મસી કોલેજના આચાર્ય ડૉ. તેજલ ગાંધીએ સમગ્ર આણંદ ફાર્મસી કોલેજને અભિનંદન પાઠવ્યા હતા.

Sardar Gurjari 03/08/2023

# આણંદ ફાર્મસી કોલેજ અને એ.પી.આઈ.આઈ. દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણી



શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિ 23-03-2023 લેજ અને એપીઆઈઆઈ, ગુજરાત શાખાના સહયોગથી આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરાઈ હતી.

આ ઉજવણી રૂજન ખંભાતા દ્વારા 'Gender Equal m today for Sustainable tomorrow' વિષય પર અતિથિ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જ્યોત્સનાબેન પટેલને આણંદ ફાર્મસી કોલેજના ૨૫ વર્ષના સફળતાના શિખરો પાર કરવા માટે આપેલ અમૂલ્ય યોગદાન બદલ સન્માનિત કરાયા હતાં.

કાર્યક્રમના સફળ સંચાલન માટે ડૉ. તેજલ ગાંધી (આચાર્ય, એપીસી) તથા જ્યોત્સનાબેન પટેલ (માનદ મંત્રી, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ)એ આણંદ ફાર્મસીના આસિસ્ટન્ટ પ્રોફેસર નીમાં સુથાર તથા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતાં.

# આણંદ ફાર્મસી કોલેજ ખાતે ઈનોવેટ ટુ ઈમ્પેક્ટ એવોર્ડ



આણંદ, તા.૧૮

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજ માં અભ્યાસ કરતાં બી. ફાર્મ ના છાત્રો અક્ષત ત્રિવેદી અને કાતિમા અરસીવાલા એ તા. ૧૪ /૦૨/૨૦૨૩ ના રોજ, જીટીયુ ના ૧૨ માં સંકુલ દિવસની ઉજવણી નિમિતે ઈનોવેટ ટુ ઈમ્પેક્ટ (I2I) ના એવોર્ડ થી સન્માનિત કરાયા. વિદ્યાર્થીઓએ બુદ્ધિમત્તાથી ડીઝાઈન કરેલી SMART AYU APP બદલ આ એવાર્ડ પ્રાપ્ત કરેલ છે. આ ઉપલબ્ધિ માટે SRKSM ના માનદમંત્રી જ્યોત્સનાબેન પટેલ તથા આચાર્ય ડૉ. તેજલ ગાંધી અભિનંદન પાઠવ્યા હતા

19-02-2023 Nayapadkar

# આણંદ ફાર્મસી કોલેજના ફાર્માકોગ્નોસી વિભાગ દ્વારા ગેસ્ટ વેબિનારનું આયોજન



આણંદ ફાર્મસી કોલેજ આણંદના ફાર્માકોગ્નોસી વિભાગ દ્વારા આયોજિત ગેસ્ટ વેબિનારમાં ડૉ. સુંદરમ રામચંદ્રન, ચીફ સાયન્ટિફિક, ઈન્જેક્સ લેબ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા 'નેચરલ પ્રોડક્ટસ લીડ ફોર ગ્લોબલ કમ્પ્લાયન્સ' વિષય પર વાત કરવામાં આવી હતી. તેમણે નજીકના ભવિષ્યમાં હર્બલ ઉત્પાદનોના બજાર હિસ્સાનો સંક્ષિપ્ત પરિચય, નિયમનકારી હર્બલ દવાઓ માટેની જરૂરિયાત માર્કર સંયોજનોની મર્યાદાઓ અને તેની નોંધપાત્ર અસર તથા હર્બલ દવાની રચનામાં અશુદ્ધિઓ પર વાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. ગીથા મધીરા, સુભાષચંદ્ર પટેલ, અને આચાર્ય ડૉ. તેજલ આર. ગાંધીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

Sardar Gurjari 04-05-2023

સરદાર ગુર્જરી

# આણંદ ફાર્મસી કોલેજને ઈનોવેટ ટુ ઈમ્પેક્ટ એવોર્ડ



**આણંદ, તા. ૧૭**

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજમાં અભ્યાસ કરતા બી.ફાર્મના છાત્રો અક્ષત ત્રિવેદી અને ફાતિમા અરસીવાલાને જીટીયુના ૧૨માં સંકુલ દિવસની ઉજવણી નિમિતે 'ઈનોવેટ ટુ ઈમ્પેક્ટ (I2I)' ના એવોર્ડથી સન્માનિત કરાયા. વિદ્યાર્થીઓએ પોતાની બુધ્ધિમત્તાથી ડિઝાઈન કરેલી SMART AYU APP બદલ આ એવાર્ડ પ્રાપ્ત થયેલ છે. આ ઉપલબ્ધિ માટે SRKSM ના માનદમંત્રી જ્યોત્સનાબેન પટેલ સંસ્થાના આચાર્ય ડૉ. તેજલ ગાંધી અને આણંદ ફાર્મસી કોલેજના તમામ સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

20-02-2023

# આણંદ ફાર્મસી કોલેજમાં GSBTM, DST અને SSIP પ્રયોજિત રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપનુ આયોજન



આણંદ, તા.૦૫

શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજ, આણંદ દ્વારા ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી , ૨૦૨૩ ના રોજ GSBTM, DST અને SSIP દ્વારા પ્રયોજિત મોલેક્યુલર બાયોલોજી ટેકનીક પર બે દિવસીય રાષ્ટ્રીય કક્ષાનો વર્કશોપ યોજાયો, જેમાં સમગ્ર ભારતમાંથી ૬૦ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

આ રાષ્ટ્રીય સ્તરના પ્રોગ્રામમાં મુખ્ય અતિથિ તરીકે ડો. સી.જે.જોશી , (ડાઈરેક્ટર, ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર, ડીએસટી , ગવર્મેન્ટ ઓફ ગુજરાત) કોલેજના આચાર્ય ડો. તેજલ ગાંધી અને મંડળના માનદમંત્રી જ્યોત્સનાબેન ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપમાં વિવિધ રીસર્ચ સેન્ટર, હોસ્પિટલ અને કોલેજો ના પ્રખ્યાત વક્તાઓ લેકચર અને હેન્ડસ ઓન ટ્રેનિંગ આપ્યા હતા જેમકે, ડો. સી.જે.જોશી , (ડાઈરેકટર, ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર, ડીએસટી , ગવર્મેન્ટ ઓફ ગુજરાત), ડો.વૈભવ ભટ્ટ (ડાઈરેકટર, સ્કૂલ ઓફ અપલાઈડ સાયન્સીસ અને ટેકનોલોજી, જી.ટી.યુ અમદાવાદ) અને પિયુષ ચુડાસમા (રિસર્ચ સાયન્ટિસ્ટ, આકાંક્ષા હોસ્પિટલ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, લાંભવેલ). તેઓએ મોલેક્યુલર બાયોલોજી ટેકનીક ના વિવિધ ક્ષેત્રો જેમકે, પોલિમરેસ ચેઈન રીએકસન (PCR), માક્રોએરે અને જેલ ઈલેક્ટ્રોફોરેસીસ જેવા વિષયો ની વિસ્તૃત માહિતી આપી હતી.

આ રાષ્ટ્રીય સ્તરના વર્કશોપનું સંકલન ડો. તેજલ.આર.ગાંધી તેમજ સહ-સંકલ મીસ પ્રેક્ષીતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામની સફળતા બદલ શ્રી રામકૃષ્ણ સેવામાંડળ ના માનદમંત્રી જ્યોત્સનાબેન પટેલ એ ડો. તેજલ.આર.ગાંધી ને અભિનંદન આપ્યા હતા.

Naya Padkar
06-03-2023

પ્રભાત

# આણંદ ફાર્મસી કોલેજમાં મેઘધનુષ આંતર-કોલેજ સ્પર્ધાનું ભવ્ય આયોજન



આણંદ: શ્રીરામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજ-રીવરબેન્ક ક્લાસખ્યાતા તા. ૧૦અને ૧૧ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ બે દિવસીય આંતર કોલેજ સ્પર્ધા મેઘધનુષ ૪ સુનહરે કે આસમાં મેં નું ભવ્ય આયોજન કરાયું.

જેમાંવિવિધ કોલેજ ના ૪૦૦ થી વધારે વિદ્યાર્થીઓભાગ લેવા જોડાયા હતા. તા. ૧૦ જાન્યુઆરી ના રોજ સ્પર્ધા નું ઉદ્ઘાટન ડૉ. શ્રી એન. પટેલ (ડીન, (ફાર્મસી), ચા.યુ.) તથા ડૉ. અમિત શેરથી (આચાર્ય, સરસ્વતી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી, ગાંધીનગર) તથા શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (માનદ મંત્રી શ્રી, SRKSM Campus) ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય કાર્યક્રમ માં વિદ્યાર્થીઓ ને શારીરિક અને માનસિક રીતે સશક્ત બનાવી શકે તેવી વિવિધ ૧૧ રમતો જેવી કે રંગોળી, એક મિનિટ સ્પર્ધા, [illegible], ચેસ સ્પર્ધા, [illegible], વગેરે નું આયોજન કરાયું હતું.

જેમાં વિજેતાઓ ને ૩૦,૦૦૦ થી વધારેના ઇનામો થી સન્માનિત કરાયા. અને ઉલ્લેખનીય છે કે AICTESPICE ની ગ્રાન્ટ [illegible] નું આયોજન કરવામાં આવ્યું હતું.

તદુપરાંત આણંદ ફાર્મસી કોલેજના [illegible] અંતર્ગત ચાલતી વિવિધ ક્લબ જેવી કે Hobby Club, Photography Club, Environment Sustenance Cell, Music & Dance Club, Innovation Club, Women Cell સહReaders Clubના વિદ્યાર્થીઓ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ ની કૃતિઓ નું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ ના અંતે આચાર્ય શ્રી ડૉ. તેજલ ગાંધી અને માનદ મંત્રી શ્રી જ્યોત્સનાબેન પટેલેકાર્યક્રમ ની સફળતા બદલ મેઘધનુષ ના કોઓર્ડીનેટર ડૉ. ચેતન મોદી તથા આણંદ ફાર્મસી કોલેજ ના તમામ સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા હતા.

# આણંદ ફાર્મસી કોલેજમાં રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન



આણંદ, તા. ૫

રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ફાર્મસી કોલેજ એસએસઆઈપીના સહયોગથી રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં ડો. તેજલ આર. ગાંધી, પ્રિન્સિપાલ આણંદ ફાર્મસી કોલેજ સૌ કોઈને આવકારીત કરી, સેમિનારનું મહત્વ સમજાવ્યું હતું. ચંદ્રિકા ચોડવડીયા, આસિસ્ટન્ટ કમિશનર ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન, આણંદએ HVAC System significance of devices & Mechanism વિશે ડો. ખુશ્બુ મિસ્ત્રી, સિનિયર ડ્રગ ઈન્સ્પેક્ટર ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન, આણંદએ Water for Pharmaceutical Use વિશે અશોક મોદી, ફાઉન્ડર મોદી જીએમપી અમદાવાદે Key Utility Water - EVM And Sterility Assurance વિશે અને ધવલ એમ. પટેલ, ક્વાલિટી હેડ, બેરોક ફાર્માસ્યુટીકલ પ્રાઈવેટ લિમિટેડ, ખંભાતે Pharmaceutical Utilities-current Regulation. Qualification & Validation વિશે માહિતી પૂરી પાડી હતી.

આ સેમિનારનું સંચાલન આણંદ ફાર્મસી કોલેજના પ્રોફેસર ડો. કલ્પના પટેલે કર્યું હતું.

સેમિનારમાં શૈક્ષણિક સંસ્થાઓના પ્રાધ્યાપકો, અનુસ્નાતક શાખાના વિદ્યાર્થીઓ તથા રીસર્ચ કરતાં તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

Sardar Gurjari - 06-05-2023